સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટે
અનામતના લાભ માટે જરૂરી બિન-ઉન્નતવર્ગના
પ્રમાણપત્ર બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:સશપ/૧૨૨૦૧૭/૧૨૪૩૮૨/અ
સચિવાલય, ગાંધીનગર.
તા. ૧૮/૦૮/૨૦૧૭
18 AUG 2017

વંચાણે લીધા:

(૧) મજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો તા.૦૧/૦૪/૧૯૭૮નો ઠરાવ નં:બીસીઆર/૧૦૭૮/૧૩૭૩૪/હ
(૨) મજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો તા.૦૧/૦૪/૧૯૭૮નો ઠરાવ નં:બીસીઆર/૧૦૭૮/૨૨૪૫૮/હ
(૩) ડિપાર્ટમેન્ટ ઓફ પર્શોનલ એન્ડ ટ્રેનીગ, ભારત સરકારના તા.૦૮/૦૯/૧૯૯૩ ઓફીસ મેમોરેન્ડમ નં.36012/22/93-Estt.(SCT.)
(૪) સમાજ કલ્યાણ વિભાગનો તા.૦૧/૧૧/૧૯૯૫નો ઠરાવ ક્રમાંક:સશપ/૧૧૯૪/ખા.૧૦૯/અ
(૫) સમાજ કલ્યાણ વિભાગનો તા.૦૬/૦૨/૧૯૯૬નો ઠરાવ ક્રમાંક:સશપ/૧૪૯૪/૯૫૯/અ
(૬) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૭/૦૪/૨૦૧૦નો ઠરાવ ક્રમાંક:સશપ-૧૧૦૯-૧૬૬૩-અ
(૭) ડિપાર્ટમેન્ટ ઓફ પર્શોનલ એન્ડ ટ્રેનીગ, ભારત સરકારના તા.૨૭/૦૫/૨૦૧૩ના ઓફીસ મેમોરેન્ડમ ક:36033/1/2013-Estt.(Res.)
(૮) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૧/૦૩/૨૦૧૪નો ઠરાવ ક્રમાંક:સશપ-૧૨૨૦૧૩-૩૯૯૮૯૮-અ
(૯) ડિપાર્ટમેન્ટ ઓફ પર્શોનલ એન્ડ ટ્રેનીગ, ભારત સરકારનો તા.૩૦/૦૫/૨૦૧૪નો પત્ર ક:36036/2/2013-Estt.(Res.)

પ્રસ્તાવના:

વંચાણે લીધેલા ક્રમ.(૧) હેઠળના ગુજરાત સરકારના તા.૦૧/૦૪/૧૯૭૮ના ઠરાવથી ગુજરાત રાજ્યની સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની પ્રથમ યાદી પ્રકાશિત કરેલ છે તથા વંચાણે લીધેલા ક્રમ.(૨) હેઠળના ગુજરાત સરકારના તા.૦૧/૦૪/૧૯૭૮ના ઠરાવથી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોને જાતિ પ્રમાણપત્ર આપવા માટે સક્ષમ અધિકારીઓ નક્કી કરેલ

હતા. વંચાણે લીધેલા ક્રમ.(૩) હેઠળના ભારત સરકારના તા.૦૮/૦૯/૧૯૯૩ના ઓફિસ મેમોરેન્ડમથી ભારત સરકાર હેઠળની સરકારી સેવાઓ/નોકરીઓમાં ૨૭% અનામત આપવાનું ઠરાવેલ તેમજ અન્ય પછાત વર્ગો માટે બિન-ઉન્નતવર્ગની નીતિ પણ નક્કી કરેલ છે. વંચાણે લીધેલા ક્રમ.(૪) હેઠળના તા.૦૧/૧૧/૧૯૯૫ના ઠરાવથી ગુજરાત સરકાર દ્વારા ભારત સરકારની અનામતની જોગવાઇઓમાંથી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો પૈકીના "ઉન્નત વર્ગો"ને બાકાત રાખવાના માપદંડ નક્કી કરવાની નીતિનો સ્વીકાર કરેલ છે. વંચાણે લીધેલા ક્રમ.(૫) હેઠળના ગુજરાત સરકારના તા.૦૬/૦૨/૧૯૯૬ના ઠરાવથી બિન-ઉન્નતવર્ગના પ્રમાણત્રનો નમુનો "પરિશિષ્ટ-ક"નક્કી કરેલ હતો. જેમાં વંચાણે લીધેલા ક્રમ.(૬) હેઠળના ગુજરાત સરકારના તા.૨૭/૦૪/૨૦૧૦ના ઠરાવથી ફેરફાર કરી "પરિશિષ્ટ-૪" નક્કી કરાયેલ છે. વંચાણે લીધેલ ક્રમ.(૯) હેઠળના તા.૩૦/૦૫/૨૦૧૪ના પત્રથી કેન્દ્ર સરકાર દ્વારા પણ બિન-ઉન્નતવર્ગના પ્રમાણપત્રના નમૂનામાં આંશિક સુધારો કરેલ છે. આમ, ભારત સરકાર હેઠળની નોકરીઓ તથા શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશનો લાભ લેવા માટે લેવાના રહેતા પ્રમાણપત્ર "Annexure-A"તથા ગુજરાત સરકાર હેઠળની નોકરી તથા શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશનો લાભ લેવા માટે "પરિશિષ્ટ-૪" હાલ અમલમાં છે.

૨. ઉપરોક્ત વિગતે કેન્દ્ર સરકાર હેઠળના અનામતના હેતુ માટે જે છ માપદંડોના(Parameters) આધારે બિનઉન્નત વર્ગ(Non-Creamy layer) નક્કી કરવામાં આવેલ છે તે જ છ માપદંડ(Parameters) રાજ્ય સરકાર હેઠળના અનામત માટે પણ સ્વીકારેલ છે. અલબત્ત આવકના(Income) માપદંડ પૂરતું કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર વચ્ચે ઘણી વખત ફેરફાર રહેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક (૭) હેઠળના કેન્દ્ર સરકારના તા.૨૭/૦૫/૨૦૧૩ના ઓફીસ મેમોરેન્ડમથી જ્યાં સુધી આવકના માપદંડ(Income Criteria)ને સંબંધ છે ત્યાં સુધી વાર્ષિક રૂ.૬.૦૦ લાખ નક્કી કરેલ છે. ગુજરાત રાજ્ય સરકાર દ્વારા પણ વંચાણે લીધેલા ક્રમાંક (૮) હેઠળના તા.૦૧/૦૩/૨૦૧૪ના ઠરાવથી તા.૦૧/૦૪/૨૦૧૪થી અમલી બને તે રીતે આવકનો માપદંડ વાર્ષિક રૂ.૬.૦૦ લાખ નિર્ધારિત કરેલ છે. આમ તા.૦૧/૦૪/૨૦૧૪ થી કેન્દ્ર સરકાર હેઠળના અનામત માટે અને રાજ્ય સરકાર હેઠળના અનામતના હેતુ માટે વાર્ષિક આવકના માપદંડ સહિત તમામ છ(Six) માપદંડો સમાન છે.

૩. અત્રે ઉલ્લેખનીય છે કે કેન્દ્ર સરકાર હેઠળના અનામત માટે Annexure-Aમાં અપાતા જાતિ અને બિન ઉન્નત વર્ગના પ્રમાણપત્ર વખતે કેન્દ્ર સરકાર હેઠળની અન્ય પછાત વર્ગો(OBC/SEBC) ની ૧૦૪ જાતિઓને જ ધ્યાને રાખીને સક્ષમ અધિકારી પ્રમાણપત્ર આપે છે, જ્યારે ગુજરાત રાજ્ય સરકાર હેઠળના અનામત વખતે પરિશિષ્ટ-૪(જૂનો પરિશિષ્ટ-ક) પ્રમાણે અપાતા પ્રમાણપત્ર વખતે રાજ્ય સરકારે નક્કી કરેલી ૧૪૬ જાતિઓને ધ્યાને લેવાની હોય છે. આમ, કેન્દ્ર હેઠળની યાદીઓ

અને રાજ્ય હેઠળની યાદીઓમાં તફાવત છે. આમ રાજ્ય સરકાર હેઠળની જાતિઓ કરતાં કેન્દ્ર સરકાર હેઠળની જાતિઓની સંખ્યા ઓછી હોવા છતાં પણ કેન્દ્ર સરકારે જાહેર કરેલી તમામ જાતિઓનો રાજ્ય હેઠળની યાદીમાં સમાવેશ થતો નથી.

૪. ઉપરોક્ત વિગતે ભરતી અને પ્રવેશના પ્રસંગોએ ભારત સરકાર હેઠળ અનામતના હેતુ માટે "Annexure-A" પ્રમાણે બિન ઉન્નતવર્ગનું પ્રમાણપત્ર તેમજ ગુજરાત રાજ્ય સરકાર હેઠળના અનામતના હેતુ માટે "પરિશિષ્ટ-૪" પ્રમાણે બિન ઉન્નતવર્ગનું પ્રમાણપત્ર જોડવાનું રહે છે. ગુજરાત રાજ્ય હેઠળની ગુજરાત જાહેર સેવા આયોગ, ગુજરાતગૌણ સેવા પંસદગી મંડળ, ગુજરાત પંચાયત સેવા પંસદગી મંડળ તેમજ અન્ય ભરતી સંસ્થાઓ અને પ્રવેશ આપનાર સંસ્થાઓ ઉપર મુજબના નક્કી કરેલા પરિશિષ્ટોના નમૂનાઓ(Format)માં પ્રમાણપત્રો જોડવાની સ્પષ્ટ જાહેરાત કરતી હોવા છતાં પણ અનુભવે જણાયું છે કે ગુજરાત રાજ્ય સરકાર હેઠળના અનામતના હેતુ માટે અરજદારો/વિદ્યાર્થીઓ/ઉમેદવારો પરિશિષ્ટ-૪ ને બદલે "Annexure-A"માં બિન-ઉન્નતવર્ગનું પ્રમાણપત્ર રજૂ કરે છે. ઘણી વખત સક્ષમ સત્તાધિકારીઓ(Competent Authority) ભૂલ કે શરતચૂકથી પરિશિષ્ટ-૪ને બદલે "Annexure-A"માં પ્રમાણપત્ર આપે છે.આ ભૂલ કે શરતચૂકને કારણે ભરતી સંસ્થા કે પ્રવેશ આપનાર સંસ્થા અરજદારો/વિદ્યાર્થીઓ/ઉમેદવારોની ઉમેદવારી રદ કરે છે તેથી સંબંધિત અરજદારો/વિદ્યાર્થીઓ/ઉમેદવારો તેમના અનામતના અધિકારથી વંચિત રહે છે. આમ કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર હેઠળ બિન ઉન્નતવર્ગના છ માપદંડો સરખા હોવા છતાં અને સંબંધિત ઉમેદવાર રાજ્ય સરકારની સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની ૧૪૬ જાતિઓ પૈકીનો હોવા છતાં પણ અનામતથી વંચિત રહે છે. ઉપરોકત કારણસર આવા વંચિત રહેલા ઉમેદવારો જ્યારે પણ ગુજરાત હાઇકોર્ટમાં જાય છે ત્યારે મોટાભાગના કિસ્સાઓમાં વડી અદાલતે ઉમેદવાર/વિદ્યાર્થીઓના પક્ષમાં ચુકાદા પણ આપેલા છે. ભરતી કે પ્રવેશની ગુણવત્તા યાદીઓમાં ફેરફાર થવાના પ્રસંગો પણ ઉભા થઇ શકે. આમ માપદંડો સરખા હોવા છતાં પણ પ્રમાણપત્રના નમૂનાના કારણે જ કોઇ અરજદારો/વિદ્યાર્થીઓ/ઉમેદવારો અનામતના અધિકારથી વંચિત ન રહે તે બાબત ગુજરાત જાહેર સેવા આયોગના પરામર્શમાં સરકારની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે ગુજરાત સરકાર નીચે મુજબની સ્પષ્ટતાઓ કરતો ઠરાવ કરે છે.

## ઠરાવ

(૧) સામાન્ય રીતે કેન્દ્ર સરકાર હેઠળના અનામતના હેતુ માટે અરજદારોએ ભારત સરકારે ઠરાવેલ "Annexure-A" પ્રમાણેના નમૂનામાં જ બિન ઉન્નતવર્ગ(Non-Creamy layer) પ્રમાણપત્ર રજૂ કરવાનુ રહેશે તેમજ ગુજરાત રાજ્ય સરકાર હેઠળના અનામતના હેતુ માટે પણ પરિશિષ્ટ-૪ પ્રમાણેના નમૂનામાં જ પ્રમાણપત્ર આપવાનું રહેશે. નોકરીદાતા ભરતી

સંસ્થાઓ અને શૈક્ષણિક પ્રવેશ આપતી સંસ્થા/કમીટીઓએ પણ જાહેરાતમાં એ પ્રમાણે સ્પષ્ટ ઉલ્લેખ કરવાનો રહેશે.

(૨) તા.૦૧/૦૪/૨૦૧૪ થી ભારત સરકાર અને ગુજરાત રાજ્ય સરકાર હેઠળના ભરતી અને પ્રવેશના હેતુ માટે બિન ઉન્નત વર્ગના છ માપદંડો સરખા હોવાથી અપવાદરૂપ કિસ્સાઓમાં અરજદાર/વિદ્યાર્થીઓની કે પ્રમાણપત્ર આપનાર સક્ષમ અધિકારીની શરતચૂક કે ભૂલથી ગુજરાત રાજ્ય હેઠળના અનામતના હેતુ માટે પરિશિષ્ટ-૪ ને બદલે "Annexure-A"માં પ્રમાણપત્ર અપાઇ ગયુ હોય તો સંબંધિત વિદ્યાર્થી/ઉમેદવારને હાલાકી(Hardship)માંથી બચાવવા માટે ભરતી સંસ્થા કે પ્રવેશ આપનારી સંસ્થાએ અપવાદરૂપ બાબત ગણીને જે તે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના વિદ્યાર્થી/ઉમેદવારનો અનામતનો દાવો સ્વીકારીને ભરતી કરવાની રહેશે.

(3) અત્રે એ પણ સ્પષ્ટતા કરવામાં આવે છે કે ગુજરાત રાજ્ય સરકાર હેઠળના અનામત માટેની યાદીમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની ૧૪૬ જાતિઓ છે જ્યારે ભારત સરકારની યાદી હેઠળ ૧૦૪ જાતિઓ છે તેથી "Annexure-A"માં રજૂ થયેલ બિન-ઉન્નતવર્ગના પ્રમાણપત્રમાં દર્શાવેલ જાતિ ૧૪૬ જાતિઓ પૈકીની ન હોત તો તે વિદ્યાર્થી/ઉમેદવારને આ ઠરાવનો લાભ આપવાનો થશે નહી. આ બાબતની ચોક્સાઇ જે તે ભરતી/પ્રવેશ સંસ્થાએ કરી લેવાની રહેશે અથવા નિયામક, વિકસતી જાતિ મારફતે કરાવી લેવાની રહેશે.

(૪) આ ઠરાવનો અમલ આ ઠરાવ રવાના તારીખથી કરવાનો રહેશે. એટલે કે આ ઠરાવની તારીખે જે જે ભરતી પ્રક્રિયાઓ ચાલુ છે અને ગુણવત્તા યાદીઓ બની નથી તેને લાગુ પડશે. અત્રે એ પણ સ્પષ્ટતા કરવામાં આવે છે કે આગાઉ થયેલી ભરતીઓ અને જે કોઇ કિસ્સાઓમાં પરિશિષ્ટ-૪ના કારણે મડાગાંઠ ઉભી થઇ હોય અને બાબત અનિશ્ચિત હોય અને ભરતી સંસ્થાને એમ જણાય કે વધુ મુશ્કેલીઓ ઉભી કર્યા વગર અન્ય ઉમેદવારને અન્યાય કર્યા વગર આ ઠરાવ પ્રમાણે તેનો નિકાલ શક્ય છે તો તા.૦૧/૦૪/૨૦૧૪થી શરૂ કરીને તે પછીની ભરતીઓમાં અપવાદરૂપ કિસ્સાઓમાં આ ઠરાવની અપવાદરૂપ જોગવાઇઓનો અમલ કરવાનું વિચારી શકશે.

(૫) એ બાબતનો પુનરોચ્ચાર કરવામાં આવે છે કે રાજ્ય સરકાર હેઠળના ભરતી/પ્રવેશ પ્રસંગે અપવાદરૂપ સંજોગોમાં વિદ્યાર્થી/ઉમેદવારો દ્વારા કે પ્રમાણપત્ર આપનાર સક્ષમ અધિકારીની ભૂલ કે શરતચૂકને કારણે ઉભી થતી હાડમારી(Hardship)ના નિવારણ માટે આ ઠરાવ કરવામાં આવ્યો છે. અત્રે એ બાબતની પણ સ્પષ્ટત્તા કરવામાં આવે છે કે ભારત સરકાર અને ગુજરાત રાજ્ય સરકાર હેઠળના બિન-ઉન્નતવર્ગના હાલના છ માપદંડો સમાન છે ત્યાં

સુધી જ આ ઠરાવ અમલામાં રહેશે. જ્યારે છ માપદંડો પૈકી કોઇ માપદંડમાં ફેરફાર થશે ત્યારે પરિશિષ્ટ-૪ અને "Annexure-A" અંગેની આ ઠરાવની જોગવાઇનો અમલ બંધ થશે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે.જી.વણઝારા)
અધિક સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.*
- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી(સા.ન્યા.અધિ.)ના અંગતસચિવ શ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક. મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગતસચિવ શ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન.સંસદિય સચિવશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- તમામ મંત્રીશ્રી/રાજ્યકક્ષાના મંત્રીશ્રી/સંસદિય સચિવશ્રીઓના અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવ શ્રી, મહેસૂલવિભાગસચિવાલય, ગાંધીનગર- જાણ તેમજ આ માટે અધિકૃત કરાયેલ તમામ અધિકારીઓને પરીપત્રિત કરવાની વિનંતી સહ.
- અગ્ર સચિવ શ્રી, પંચાયત,ગ્રામ ગૃહ નિર્માણ અનેગ્રામ વિકાસ વિભાગ,સચિવાલય, ગાંધીનગર- જાણ તેમજ આ માટે અધિકૃત કરાયેલ તમામ અધિકારીઓને પરીપત્રિત કરવાની વિનંતી સહ.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, તકેદારી આયોગ, ગાંધીનગર.*
- સચિવશ્રી, ગુજરાત જાહેરસેવા આયોગ, સેક્ટર-૧૦-અ, ગાંધીનગર.*
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા મંડળ, અમદાવાદ.*
- સચિવશ્રી, ગૌણસેવાપસંદગી મંડળ, ગાંધીનગર.*
- નિયામકશ્રી, વિકસતિ જાતિકલ્યાણ ખાતું, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- તમામ જિલ્લા કલેક્ટરશ્રીઓ (તાબાના સક્ષમ અધિકારીઓને પરિપત્રિત કરવાની વિનંતી સહ)
- તમામ જિલ્લા વિકાસ અધિકારીઓશ્રી (તાબાના સક્ષમ અધિકારીઓને પરિપત્રિત કરવાની વિનંતી સહ)

- તમામ નાયબ નિયામકશ્રીઓ(વિ.જા.)/ જિલ્લા સમાજકલ્યાણ અધિકારીશ્રીઓ(વિ.જા.) (વિ.જા.ક. મારફત)
- કોમ્પ્યુટર શાખા, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. શાખાના ઠરાવો સાથે ઓનલાઇન પ્રસિધ્ધ કરવાના હેતુસર.
- ના.સે.અ.શ્રીની સિલેક્ટ ફાઇલ
- શાખા સિલેક્ટ ફાઇલ

---------

* પત્ર દ્વારા.